## ટ્રેક નં. ૧૧ : સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર વિષે

✻ સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર જ સમ્યક્‌દર્શનનું નિમિત્ત થઈ શકે. જો સાચા દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ ન સમજીએ તો ક્યાંક કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના ફંદામાં ફસાઈ જઈએ અને ભવ ભ્રમણ વધી જાય. તો ચાલો સાંભળીએ ભગવતી માતા પૂજ્યશ્રી ચંપાબેનના શ્રીમુખેથી સાચા દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ.

✻ માંગલિક :

✻ ભક્તિ : હે નિર્મલ દેવ ! તુમ્હેં પ્રણામ, હે જ્ઞાનદીપ આગમ ! પ્રણામ,
હે શાંતિ ત્યાગ કે મૂર્તિમાન, શિવ પથ પંથી ગુરુવર પ્રણામ (૨)

ઓમકાર બિંદુ સંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગીનઃ
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ

❀ બહેનશ્રી : અખંડરૂપે બિરાજમાન કર્યા પ્રતિમાઓ એ બધા દેવ. પૂરા થઈ ગયેલા છે એના નમૂના છે બધા કે ભગવાન પૂરા ઠરી જાય ત્યારે આવા હોય એની આ મુદ્રાની સ્થાપના કરીએ એ દેવ છે બધા. ગુરુ-સાધના કરે એ ગુરુ કહેવાય. દેવને કાઈ સાધના કરવાની હોતી નથી. બસ ! એ અંદરમાં લીન થઈ ગયા એમને આહાર નથી હોતો. કાંઈ હોતું નથી. આહારનો વિકલ્પ નથી. બસ અંદર ચૈતન્ય. એમનું શરીર એવું થઈ જાય કે એમને આહારની જરૂર જ પડતી નથી. એવું શરીર થઈ જાય. આહાર વગર ટકી જાય એવું શરીર થઈ જાય ભગવાનને. બધું અંદર. કોઈ વિકલ્પ નથી રહેતો. સાક્ષાત્‌ ભગવાન બિરાજે છે વિદેહક્ષેત્રમાં. બસ! અંદર સૂઈ ગયા છે. આહાર નથી, કાંઈ નથી. નીચે જમીન ઉપર હલતા નથી. હાલવાનો વિકલ્પ નથી. ઉદય આવે તો હાલ્યા જાય. હાલ્યા જાય. બોલવાનો વિકલ્પ નથી. સહજ એને આ રૂપી દ્રવ્ય છે એની ધ્વનિ છૂટે છે. ઈચ્છા નથી કોઈ જાતની, દેવોના ભાગ્ય, મનુષ્યોના ભાગ્ય, લોકોના ભાગ્ય કે ધ્વનિ છૂટે છે. ઈચ્છા કોઈ જાતની હોય નહીં. સાધકોને વિકલ્પ રહે છે, મુનિઓને, આચાર્યોને કે આ ધર્મ પામે, આને

સમજાય જાય એવા બધા વિકલ્પ, દેવને-વીતરાગને કાંઈ વિકલ્પ, નથી હોતો ઈ તો સહજ ધ્વનિ છૂટે તો છૂટે. માણસો બોલે એમ બોલતાય નથી. એની ધ્વનિ ૐ ધ્વનિ છૂટે એમાં એવો કાંઈ અતિશય હોય છે કે બધા સમજી જાય છે.

*** પ્રશ્ન : માતાજી, વારંવાર આપ કહેતે હૈ કે દેવ, ગુરુ, શાસ્ત્રની સમીપતા રખે તો અંદર જાનેકા અવકાશ હૈ. ઇસકે બારેમેં બતાનેકી વિનંતી.**

● ઉત્તર : દેવ, ગુરુ, શાસ્ત્ર જિસકા હૃદયમેં રહેતા હૈ ઉસકી ભાવના રહેતી હૈ કે મુઝે દેવ, ગુરુ, શાસ્ત્રકા સાનિધ્ય હો. જિસકો આત્માકી રુચિ હોવે ઉસકો એસી ભી રુચિ હોતી હૈ કિ મેરે ગુરુકા સાનિધ્ય હો, દેવ કા હો, શાસ્ત્ર યથાર્થમેં કૈસે શાસ્ત્ર હો, ઐસે શ્રવણ મનન કા ઉસકી ભાવના રહેતી હૈ, પીછે સંયોગ બને યાને કોઈ બહારકી બાત હૈ લેકિન ઉસકી ભાવના બહોત રહેતી હૈ કે સાનિધ્ય મેરે હો, કારણ કે જિસકો આત્મા રૂચે ઉસકા સાધનેવાલા ઉપર ભી આદર આતા હૈ. ગુરુ ઉસકો સાધકદશા સાધતા હૈ ઔર દેવ પૂર્ણ હો ગયા. ઈસલિયે જિસને ઈસકી સાધના પ્રગટ કરી ઉસે ઉપર ઈસકો બહોત આદર રહેતા હૈ. કારણ કે અપની રુચિ હૈ તો ભી અપનેકો નહીં હોતા તો જિસને પ્રગટ કિયા ઉસકે ઉપર બહોત આદર રહેતા હૈ ઈસલિયે ધ્યેય આત્માકા હૈ. દેવ, ગુરુ, શાસ્ત્રકા સાનિધ્યકી ભાવના 'મૈં આત્માકો કૈસે પહેચાનું?' જિસને પહેચાના ઉસકે ઉપર આદર આતા હૈ જિસકો આત્માકી રુચિ હોતી હૈ.

*** પ્રશ્ન : ભગવાનકા દ્રવ્ય, ગુણ, પર્યાયકો પહેચાને તો અપના દ્રવ્ય, ગુણ, પર્યાયકા પહેચાન આવે તો વાપસ વો હી શર્ત લગ જાયેગી. સ્વાનુભવમેં તો અનંત બાર ભગવાનકે દર્શન કરને ગયે, સમોસરણમેં ગયે, સાક્ષાત્ સર્વજ્ઞદેવકા દર્શન ભી કિયા. લેકિન અંતર દૃષ્ટિ ઔર અનુભવ બિના દર્શન નહીં હુઆ.**

● ઉત્તર : ભીતરમેં ભગવાનકા દ્રવ્ય ક્યા હૈ ? વો ક્યા કરતા

હૈ? સ્વાનુભૂતિ. ભગવાને વીતરાગ દશા પ્રગટ કી, વો પહેચાના નહીં ઔર બહારસે દર્શન કર લીયા, જો યથાર્થ પિછાન કરે તો અપને દ્રવ્ય, ગુણ, પર્યાય કો પહેચાન લેતે હૈ.

✻ પ્રશ્ન : ભગવાનકા તો પરદ્રવ્ય, ગુણ, પર્યાય. ઉનકી પહેચાન કરનેમેં ઉપયોગકી તો પર સન્મુખતા રહેતી હૈ. ફિર અપની પહેચાનકે લિયે તો વાપસ સ્વ સન્મુખતાકા જોર હો?

● ઉત્તર : દૃષ્ટિ તો અપનેમેં દેના હૈ. નિમિત્ત-ઉપાદાનકા સંબંધ હૈ. ઈસલિયે શાસ્ત્રમેં ઐસા કહા હૈ કિ નિમિત્ત ઔર ઉપાદાનકા સંબંધ હૈ. ભગવાન તરફ લક્ષ કરનેસે અપની તરફ લક્ષ જાતા હૈ તો લક્ષ્ય છૂટ જાતા હૈ ભગવાન તરફકા. સ્વસન્મુખ જાયે તો ભગવાન તરફકા રાગ છૂટ જાય ઔર અપની તરફ- અપની શ્રદ્ધા હો તબ અપનેકો પહેચાન લે. રાગ તો વીતરાગ દશા ન હો તબ તક રહેતા હૈ. પર ભેદજ્ઞાન હોતા હૈ (બરાબર હૈ.) 'ભગવાન તરફકા રાગ ઔર મૈં ભિન્ન હૂં' ઐસા ભેદજ્ઞાન હો જાતા હૈ.

✻ પ્રશ્ન : કેવલી ભગવાનકો તો પ્રત્યક્ષ આત્માકે પ્રદેશ વગેરે અનુભવમેં જાનનેમેં પારમાર્થિક આદિ પ્રત્યક્ષ કરતે હૈ ઉસે તો કેવલજ્ઞાન હૈ, લેકિન અપને તો સ્વાનુભવ કે કાલમેં આત્મા કે પ્રદેશ આદિકા પ્રત્યક્ષરૂપ (કૈસે જાનનેમેં આયે?)

● ઉત્તર : ભગવાનકો તો કેવલજ્ઞાન હૈ, ઈસલિયે પ્રત્યક્ષ જાનતે હૈ, પ્રદેશ ઔર સબ દ્રવ્ય, ગુણ, પર્યાય સબકો પ્રત્યક્ષ જાનતે હૈ. લોકાલોક સબકો પ્રત્યક્ષ જાનતે હૈ સ્વાનુભવકે કાલમેં ઔર વેદન પ્રત્યક્ષ હૈ. અપના સ્વાનુભવ વેદન પ્રત્યક્ષ હૈ. પ્રદેશ પ્રત્યક્ષ નહીં હૈ, તો અનુભવ પ્રત્યક્ષ હૈ ના ! અપના આનંદ ઔર સ્વાનુભૂતિ પ્રત્યક્ષ હૈ.

✻ પ્રશ્ન : જે અરિહંત ભગવાન થવાના એ પહેલા તો પોતાના આત્માને પરદ્રવ્યથી ભિન્ન જાણતા હતા. હું મારામાં જ બેઠો છું. એવી જાતની એમને (સાધના હતી)?

● ઉત્તર : પેલા એવી સાધના કરી હોય.

✻ પ્રશ્ન : પોતામાં જ પોતાનો આત્મા છે ?

● ઉત્તર : મારો આત્મા—'હું દ્રવ્યે છું શુદ્ધ.' પછી જેટલી અશુદ્ધતા છે ઈ પોતે પોતા તરફ વળતો જાય. તો ઓછી થતી જાય. ગૃહસ્થ આશ્રમ હોય તો અંશે એને અમુક હોય છે. પછી મુનિદશામાં વિશેષ હોય. એનું દ્રવ્ય તો કાંઈ અશુદ્ધ થયું નથી. ઈ તો એમ જ છે પણ ગૃહસ્થાશ્રમમાં એની ભેદજ્ઞાનની ધારા વધતી જાય. જુદા ને જુદા ન્યારા ને ન્યારા, કોઈ લેપ લાગતો નથી એવા અંદરથી ન્યારા હોય છે. અંદર સ્વરૂપમાં છે. ઈ બહાર દેખાય પણ ઈ સ્વરૂપમાં છે એવી રીતે વર્તતા હોય છે. અલ્પ એને અસ્થિરતા હોય છે. પછી અલ્પ વિકલ્પ હોય છે. એને મુનિદશા થાય તો બધું જ છૂટી જાય. વિકલ્પ બહુ જ અલ્પ રહે છે. એ ક્ષણે અંતરમાં સમાયેલા હોય છે એ મોટે ભાગે. બહાર આવે ને જાય, પછી તો કેવળજ્ઞાન થાય ત્યારે બહાર જ નથી આવતા. પહેલા આવી સાધના કરે તે અરિહંત થાય છે.

✻ પ્રશ્ન : પહેલેથી એને એકદમ નક્કી થઈ ગયું હોય પહેલી જ ભૂમિકાથી કે હું મારા ક્ષેત્રમાં છું. મારા સ્વભાવમાં છું. મારા કાળમાં છું. મારા સ્વકાળમાં છું ?

● ઉત્તર : એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કોઈ પર દ્રવ્યરૂપે થયા નથી. પુદ્‌ગલરૂપે પોતે થાતો નથી. શરીર રૂપે હું થયો નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પુદ્‌ગલના, કર્મના એ એનામાં છે. મારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ મારામાં છે. મારું ક્ષેત્ર મારામાં, મારી પર્યાય મારામાં, મારા ભાવો મારામાં, હું દ્રવ્ય મારામાં, કોઈ રૂપે હું થયો નથી પણ વર્તમાન પરિણતિ-વર્તમાન સમયની પરિણતિમાં પુરુષાર્થની મંદતાને લઈને અશુદ્ધતા થાય છે. પણ મારા દ્રવ્યનો નાશ થયો નથી. નિગોદમાં જાય તો પણ દ્રવ્ય તો એવું ને એવું છે. કાંઈ દ્રવ્ય નાશ પામતું નથી. પરદ્રવ્યરૂપે કોઈ દ્રવ્ય થાતું નથી. પોતે પોતારૂપે જ રહે છે.

✻ પ્રશ્ન : સર્વજ્ઞને સ્થાપેલા છે. જૈનકુળમાં જન્મ્યા એટલે

**સર્વજ્ઞને માન્યા વગર તો ચાલતું નથી, પણ સર્વજ્ઞને બેસાડવા કેવી રીતે ઈ હજી બરાબર બેસતું નથી ? આપે તો જોયા છે. તો કાંઈ (સમજાવશો)**

● ઉત્તર : પોતે નક્કી કરવું જોઈએ. સર્વજ્ઞ તો જગતમાં હોય છે. સર્વજ્ઞ સ્વભાવ આત્માનો છે ને પૂર્ણ દશા જેને પૂર્ણ પ્રગટ થાય એ સર્વજ્ઞ એને પૂર્ણ જ્ઞાન પ્રગટ થયા વગર રહેતુ નથી. પૂર્ણ સાધના જે કરે, જે જ્ઞાન સ્વભાવે આત્મા છે, જ્ઞાન એવું છે કે જે અનંતને જાણે, જ્ઞાનમાં કાંઈ અપૂર્ણતા ન હોય કે આટલું જાણે ને આટલું ન જાણે (એવું તો હોય નહીં.) આ જ્ઞાયક સ્વભાવ આત્મા તે પૂર્ણતાથી ભરેલો છે. જેને પૂર્ણ સાધના પ્રગટ થઈ અને પૂર્ણ કૃતકૃત્ય દશા થાય, એની જ્ઞાનદશા પૂર્ણ થઈ જાય છે, એમાં કાંઈ અધૂરાશ રહેતી નથી. એ એક સમયમાં લોકાલોકને જાણે એવી સાધના કરતા કરતા એવી વીતરાગ દશા પ્રગટ થાય. એમાં પૂર્ણ દશા પ્રગટ થાય કે જે સર્વજ્ઞતા એક સમયની અંદર આખા લોકાલોકને જાણે, પોતાને જાણે છે ને બીજાને–અનંત દ્રવ્યોને, અનંતા આત્માને, અનંત પુદ્‌ગલને એને ભૂત, વર્તમાન, ભવિષ્ય–બધાને એક સમયમાં જાણે એવું જ્ઞાનનું કોઈ અપૂર્વ, અચિંત્ય સામર્થ્ય છે. એવી સર્વજ્ઞતા જગતમાં હોય છે. એવા સર્વજ્ઞ સ્વભાવ પ્રગટેલા મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર ભગવાનો, કેવળી ભગવાનો વિચરી રહ્યા છે. અત્યારે આ પંચમકાળમાં ઈ સર્વજ્ઞતા જોવા મળતી નથી. બાકી મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્‌ તીર્થંકર ભગવાન–સીમંધર ભગવાન આદિ વીસ ભગવાન અને કેવળી, મુનિ ભગવંતો વિચરી રહ્યા છે સર્વજ્ઞ. પૂર્ણ જ્ઞાન જેને પ્રગટ થાય છે. જે મુનિ દશામાં પૂર્ણ સાધના કરે એને કેવલજ્ઞાન અવશ્ય પ્રગટ થયા વગર રહેતું નથી. જેની સાધના પૂર્ણ થાય પછી જ્ઞાન દશા પણ પૂર્ણ થઈ જાય છે. બાકી આત્મા વીતરાગ થાય એટલે પૂર્ણ સ્વભાવ પ્રગટ થઈ જાય. અનંત અનંત–જેને કોઈ મર્યાદા કે સીમા હોતી નથી એવું અમર્યાદિત જ્ઞાન આત્મામાંથી પ્રગટ થાય છે કે એક સમયની અંદર

જે બધું જાણી શકે છે. પોતાને જાણે છે ને બીજાને પણ જાણે છે.

✽ પ્રશ્ન : પોતાને સમ્યક્દર્શન પ્રગટ થયા પહેલા તો સર્વજ્ઞને ઓઘો ઓઘે માનવા જેવું લાગે છે ?

● ઉત્તર : ઓઘે ઓઘે નહીં. વિચારથી જાણી શકે. સમ્યક્દર્શનમાં તો એ પોતે યથાર્થ પ્રતીત કરે કે 'હું સર્વજ્ઞ સ્વભાવી આત્મા જ છું. અને મારો પૂર્ણ સ્વભાવ મારા આત્માનો જ છે અને ઈ પ્રગટ થઈ શકે છે.' ત્યાર પહેલા પણ રુચિવાળો પણ ઈ વિચાર કરીને સમજી શકે, ઓઘે ઓઘે નહીં. ગુરુદેવે આવો માર્ગ બતાવ્યો છે જે એને વિચારથી નક્કી કરી શકે છે. આત્મા સ્વભાવ તો જુદો. સમ્યક્દર્શન કોઈક જુદી વસ્તુ છે. એમ કેવળજ્ઞાનને પણ ઈ વિચારથી નક્કી કરી શકે ને ઓઘે ઓઘે નહીં, વિચારથી, યુક્તિથી, દલીલથી નક્કી કરી શકે છે કે સર્વજ્ઞતા જગતમાં છે.

✽ પ્રશ્ન : વિચાર કરવાથી એવી રીતે બેસી શકે છે ?

● ઉત્તર : હા, બેસી શકે છે વિચાર કરવાથી. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે સર્વજ્ઞ નથી એમ કઈ રીતે નક્કી કર્યું ? નથી ઈ નક્કી ક્યાંથી કર્યું ? કારણ કે સર્વજ્ઞતા છે જ. સર્વજ્ઞ છે જગતમાં. સર્વજ્ઞ સ્વભાવ આત્માનો છે. એ આત્મા જે જ્ઞાન સ્વભાવી તે આત્મા ઈ પૂર્ણને કેમ નો જાણે? જેનો સ્વભાવ જ જાણવાનો છે, એમાં નહીં જાણવાનું આવતું જ નથી. જે જાણવાના સ્વભાવવાળો છે એ પૂર્ણ આરાધના કરે તો પૂર્ણ જાણે છે. એમાં નહીં જાણવું એવું આવતું જ નથી. જે જાણે ઈ પૂર્ણ જાણે, એને સીમા મર્યાદા હોતી નથી. સીમા હોતી નથી. સ્વભાવ અમર્યાદિત છે જ્ઞાનસ્વભાવ જેના જે સ્વભાવ હોય ઈ સ્વભાવ અમર્યાદિત હોય છે.

✽ પ્રશ્ન : કાંઈ સર્વજ્ઞની પ્રતીત થાય એવું ?

● ઉત્તર : દર્શન કરતા પ્રતીત થાય ઈ જુદું. અત્યારે સર્વજ્ઞના દર્શન—સાક્ષાત્ દર્શન તો આ કાળમાં મુશ્કેલ છે. જિનેન્દ્ર ભગવાનના પ્રતિમાના દર્શન છે. સાક્ષાત્ દર્શન એ તો એક પ્રતીતનું કારણ બને,

પણ એ ન હોય ત્યાર પોતે રુચિથી અને વિચારથી નક્કી કરી શકે. ભગવાનના દર્શન એ તો એક પ્રતીતનું કારણ બને છે પોતે પુરુષાર્થ કરે તો. ભગવાનના દર્શન એ તો કોઈ અપૂર્વ વાત છે. સાક્ષાત્ ભગવાનના દર્શન સર્વજ્ઞદેવના જે વીતરાગ થઈ ગયા છે. જે જગતથી જુદા, જેને જ્ઞાન દશા પ્રગટ થઈ ગઈ છે. વીતરાગ દશા–જેની મુદ્રા જુદી થઈ જાય. જેની હાર જુદી થઈ જાય, જેની વાણી જુદી થઈ જાય છે. જે જગતથી જુદા જ છે. એના દર્શન તો કાંઈ અપૂર્વ વસ્તુ છે. તો પ્રતીતનું કારણ થાય. વીતરાગ દશા જે વીતરાગતા અંતર આત્મામાં પરિણમી રહી છે. જેને બહાર જવાનું કાંઈ કારણ નથી. જેની મુદ્રા જુદી, જેની વાણી ભેદરૂપ નીકળતી નથી, ઈ અભેદ ઓમ ધ્વનિ નીકળે છે. જેની હાર જુદી થઈ જાય છે. બધું જુદું. જગતથી ન્યારા સ્વયં સિદ્ધ છે એ.

❀ બહેનશ્રી : દ્રવ્ય જૈસા નિગોદમેં વૈસા દ્રવ્ય સિદ્ધમેં હૈ તો પર્યાયકી પ્રગટતા તો સિદ્ધમેં હૈ. ઈસકો અનુભૂતિ તો પૂર્ણ હો ગઈ. પર્યાયકી અપેક્ષાસે કે દ્રવ્યકી અપક્ષાસે ? નિગોદમેં તો વેદન મેં તો અશુદ્ધતા હૈ ઔર દ્રવ્ય હૈ. દ્રવ્ય શાશ્વત. જૈસા દ્રવ્ય નિગોદમેં વૈસા દ્રવ્ય સિદ્ધમેં, દ્રવ્ય તો શુદ્ધ હૈ. પર્યાયમેં અશુદ્ધિ હૈ. ઉસકે વેદનમેં તો દુ:ખ ઔર આકુળતા હૈ. સિદ્ધકા વેદનમેં પૂર્ણ આનંદકી અનુભૂતિ. પૂર્ણ આનંદ. સિદ્ધકો પૂર્ણ આનંદ હૈ.

❀ બહેનશ્રી : ભગવાનની વાણી જે દિવ્ય ધ્વનિ છૂટે– ૐધ્વનિ છૂટે આપણે એ તો ઓમ ઓમ આપણે તો નિશ્ચયમેં નક્કી કીયા. એ ઓમ તો બધા (મતમાં) ચાલ્યો જ છે. તો ઈ ભગવાનની વાણીનો તો એક પ્રવાહ ચાલ્યો. બધામાં આવે. (બધા ધર્મમાં પણ) ઈ લોકો બહુ નથી સમજતા. પ્રચાર બધે જિનવાણીનો છે. ઓમનો પ્રચાર ભગવાન જ્યારે બિરાજતા હોય ત્યારે તો દરેક લોક માનતા હોય ને ? બધા હોય છે. બધા જૈન ધર્મને સ્વીકારતા હોય છે. એ રહી જાય એટલે દરેકમાં પ્રચાર એનો રહી જાય છે પ્રવાહરૂપે.

કેટલાક ઓમમાં સમજે નો સમજે. પણ ઓમનો પ્રચાર છે એ પ્રવાહરૂપે થઈ જાય. મોક્ષમાર્ગ એમની વાણીથી ચાલુ થયો. બોલે નહીં કાંઈ આ એવો અતિશય છે. દરેક પોતપોતાની ભાષામાં સમજે. ઓમ ધ્વનિનો એમાં અમુક પ્રકારે માગધી ને એવા. માગધીરૂપે થાય પણ બધા પાછા પોતાની દેશ ભાષામાં સમજે. હોય ૐ ધ્વનિ, એની ભાષા માગધી હોય, પણ બધા પોતપોતાની દેશભાષામાં સમજે. ભગવાનની વાણીનો અતિશય એવો છે. એકાક્ષરી વાણી હોય તોય બધા સમજી જાય.

✻ પ્રશ્ન : વિકલ્પ વગર ૐ ધ્વનિ આવે ?

● ઉત્તર : અંદરથી ઓમ ધ્વનિ આવે એવો અતિશય છે વાણીમાં બધા એની ભાષામાં સમજે. દરેકની ભાષામાં દરેક સમજી જાય. ૐમાંથી સંસ્કૃત અને માગધી એવી ભાષા દેવો રચે છે. માગધી ને સંસ્કૃત. એમાંથી દરેક મનુષ્ય પોતાની ભાષામાં સમજી જાય છે. દરેક પોત પોતાની ભાષામાં સમજી જાય છે. એવો અતિશય હોય છે.

✻ પ્રશ્ન : સમજો એ બધા પોતપોતાની ભાષામાં સમજી જાય ?

● ઉત્તર : નીકળે ૐ ધ્વનિ માગધી અને ઉચ્ચી ભાષાઓ પણ નીકળે છે. (પણ બધા પોતપોતાની ભાષામાં સમજી જાય.)

✻ પ્રશ્ન : એક સરખો ૐ ધ્વનિ નીકળતો હશે ?

● ઉત્તર : ઓમ ધ્વનિ નીકળે છે. ને એમાં દરેક સમજી જાય છે.

✻ પ્રશ્ન : પોતપોતાની લાયકાત પ્રમાણે ?

● ઉત્તર : જેમ મેઘ ધ્વનિ ગાજતી હોય, મીઠો મધુરો મેઘ ગાજતો હોય, એવી એમની ધ્વનિ હોય. એક સરખું હોય પણ એમાં જુદી, જુદી જાતના સૂર આવતા હોય.

✻ પ્રશ્ન : દિગંબર ને ?

● ઉત્તર : દિગમ્બર. શ્વેતામ્બર, સ્થાનકવાસી એ કાંઈ નથી. ભગવાન સર્વોત્કૃષ્ટ. કેવળજ્ઞાન પામીને ધ્વનિ છૂટી. બીજો માર્ગ ન ચાલે. કોકને સમજાય, ન સમજાય. પણ વાડો ન ચાલે. વાડા ન ચાલે.

એક જ માર્ગ, ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં કેવળજ્ઞાની વિચરે. મહાવિદેહક્ષેત્રમાં માર્ગ એક જ હોય. ત્યાં બધા ભગવાન મહાવિદેહ-ક્ષેત્રમાં વીસ વિચરતા હોય સાક્ષાત્.

✻ પ્રશ્ન : સામાન્ય જીવો જે સાંભળતા હશે દિવ્ય ધ્વનિ તે ઓછું સમજે છે? ઓછું એટલે કે જુદું સમજે ?

✻ ઉત્તર : બીજું નથી સમજતા. ભગવાન કહે એમ સમજે છે પણ એની શક્તિ સ્વની હોય ઈ પ્રમાણે સમજે છે. એ પ્રમાણે ગ્રહણ કરે છે.

✻ પ્રશ્ન : વાત તો એક જ આવે ને ?

● ઉત્તર : વાત તો એક જ. ઘણી અપેક્ષાથી વાત આવતી હોય છે. એની જેની શક્તિ હોય ઈ પ્રમાણે સમજે છે.

✻ પ્રશ્ન : એમ કહેવામાં આવે છે કે જવાબ આવ્યો (દિવ્યધ્વનિમાં ?) એવું ?

● ઉત્તર : એ તો અમુક દિવ્યધ્વનિનો કાળ હોય ત્યારે નહીં પણ એ બીજા પ્રસંગોમાં ખાસ ખાસ પ્રશ્ન પૂછે છે. બીજા પ્રશ્ન નથી પૂછતા. કોઈ ગણધર, કોઈ ચક્રવર્તી, કોઈ મુનિ, કોઈ એવા રાજા એવા પ્રશ્ન પૂછે.

✻ પ્રશ્ન : બીજા કોઈ પણ પ્રશ્ન નથી પૂછતા?

● ઉત્તર : ના. બીજા નથી પૂછતા. બીજાને કાંઈ બી પ્રશ્ન આવે તો એનું સમાધાન જ આવી જાય. પ્રશ્ન પૂછવાનું રહે જ નહીં. જેને જે વિકલ્પ ઉઠે પ્રશ્નનો. ભગવાનની વાણીમાં આવી જાય બધું જ. એના પ્રશ્નનું સમધાન જ થઈ જાય. દિવ્ય ધ્વનિમાં બધું આવી જાય. જેને જે પ્રશ્ન વિકલ્પ ઉઠે તે બધું આવી જાય. અહીં ગુરુદેવની વાણી કેવી હતી ? એમની વાણીમાં જેને જે પ્રશ્ન ઉઠતો હોય એ ગુરુદેવની વાણીમાં આવી જતું. ભગવાનની દિવ્યધ્વનિમાં જેને જે પ્રશ્ન ઉઠતા હોય તે બધા ભગવાનની વાણીમાં સમાધાન આવી જાય. પ્રશ્ન કરવા જેવું રહે જ નહીં.

✻ પ્રશ્ન ઇંદ્ર મહારાજ પૂછે ? જવાબ તે બધું અમને સંભળાય ? આ સામાન્ય જીવને પણ સંભળાય કે ઇન્દ્રને જ સંભળાય ?

● ઉત્તર : નહીં. બધાને સંભળાય, સમજાય. ઈ જે પ્રશ્નનો જવાબ હોય તે બીજા જીવોને પણ સંભળાય. સંભળાય ખરો. ગ્રહણ એની શક્તિ પ્રમાણે લાયકાત પ્રમાણે.

✻ પ્રશ્ન : એનો સમય જદો જુદો હોય ? પ્રશ્નનો અને બીજા વિષયનો? દાખલા તરીકે ચૌદ પૂર્વ, બાર અંગ જુદું જુદું ?

● ઉત્તર : દિવ્યધ્વનિમાં કાળ હોય, એમાં દિવ્યધ્વનિ છૂટ્યા કરે. એમાં વચ્ચે કોઈ પ્રશ્ન ન પૂછે. ભગવાનને ઈચ્છા ક્યાં છે? સહજ વાણી છૂટ્યા કરે છે ઈચ્છા વગર. દિવ્યધ્વનિનો કાળ હોય ત્યારે દિવ્યધ્વનિ છૂટ્યા કરે. પ્રશ્ન તો જેને પુણ્ય હોય તે પ્રશ્ન કરે. વાણીમાં જવાબ આવે છે. ઘણાને તો મોટેભાગે સમાધાન જ થઈ જાય છે. પ્રશ્ન ઉઠતા નથી.

✻ પ્રશાન : મુખ્ય વિષય તો ખાલી અધ્યાત્મના જ હોય કે બીજા હોય ?

● ઉત્તર : મુખ્ય તો જે મુક્તિનો માર્ગ છે. તે ભગવાનની વાણીમાં બધું આવી જાય બધું. ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ બધું જ આવી જાય. ભગવાનની વાણીમાં બધું આવે. દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, અધ્યાત્મ બધું જ આવે. કરણાનુયોગ બધું જ આવે. કાંઈ ઓછું ન આવે. બધું જ આવે. એમાં મુખ્ય શું છે ? મુક્તિનો માર્ગ શું છે ? બધું જ પૂરે પુરું ભગવાનની વાણીમાં આવે.

✻ પ્રશ્ન : એમાં જે અહીંયા કહેનાર ક્રમપૂર્વક કહે. ત્યાં એવું કાંઈ ?

● ઉત્તર : એક સાથે આવે બધું. ભગવાનનો આશય શું ? સમજી લે. મુખ્યતાપૂર્વક બધું આવે. ભગવાનની વાણીમાં ઘણું આવે છે. ગ્રહણ થાતું નથી. ભગવાનની વાણીમાં ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ બધું આવે છે.

✻ પ્રશ્ન : સામાન્ય જીવ ગ્રહણ પૂરું નથી કરી શકતો ?

● ઉત્તર : ગણધર અને બધા એમ કહે છે કે ‘પ્રભુ તમારી દિવ્ય ધ્વનિને પહોંચી શકતો નથી. ચૌદપૂર્વનું જ્ઞાન છે છતાં પ્રભુ ક્યાં મારું જ્ઞાન ને, ક્યાં તમારું જ્ઞાન ? ક્યાં તમારી વાણી ? ક્યાં તમારા ગહન રહસ્યો હું પહોંચી શકતો નથી.’ એ (ગણધર) પણ એમ કહે છે કે ‘તમારી અપૂર્વ વાણીને હું પહોંચી શકતો નથી. ‘એમ ગણધર, ઈન્દ્ર, મુનિન્દ્ર’ બધા એમ કહે છે. સામાન્યને તો શું ? પણ એ બધા શક્તિશાળી હોય એ પણ બધા એમ કહે છે, ‘પ્રભુ ! ક્યાં તમારું જ્ઞાન એક સમયમાં લોકાલોકને જાણનાર એમાં જે દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ. લોકાલોકને એક સમયમાં જાણો છો. અનંતા દ્રવ્યો, અનંતા દ્રવ્યના ગુણ પર્યાયો, સ્વ અને પર બધાને એક સમયમાં જાણો છો. ગયો કાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ બધું એક સમયમાં તમારી વાણીમાં આવે એ તમારે એક સમયની વાણીમાં આ જ્ઞાનમાં—આ ક્ષયોપશમ જ્ઞાનમાં પકડી શકાતું નથી. અપૂર્વ વાણી! ‘પ્રભુ ! હું તમને પહોંચી શકતો નથી. અમારું આ અલ્પ જ્ઞાન, તમારી આ અપૂર્વ વાણી ગહનતાથી ભરેલી અને તમને પહોંચી શકતો નથી’. ગણધરને પુરુ શ્રુતજ્ઞાન પ્રગટ્યું હોય છે તો પણ એ એમ કહે છે.

✻ પ્રશ્ન : ઓછું પકડાય એને પણ એટલો જ આનંદ આવે ?

● ઉત્તર : એને આનંદ આવે. પ્રભુની દિવ્યવાણી કોઈ અપૂર્વ કહી રહી છે. અપૂર્વતા ભરેલી. ભગવાનની વાણી અગાધ રહસ્યોથી ભરેલી કોઈ આત્મામાં ચમત્કાર બતાવનારી, ચૈતન્યનું સ્વરૂપ બતાવનારી કોઈ અપૂર્વ વાણી. એનો મહિમા અપૂર્વ મહિમા આવે. અહીં ગુરુદેવની વાણીમાં બધા સરખું પકડી શકતા હતા ? તો પણ ગુરુદેવની વાણીમાં બધાને આશ્ચર્ય થાતું હતું અને મહિમા આવતો હતો. જે જીવો કાંઈ નહોતા સમજતા, અજાણ્યા કોઈક આવીને બેસે તોય (તેમને થાતું કે) કાંઈક વાણી જુદી છે એમ આશ્ચર્ય થાતું. બધા

સરખું સમજે નહીં તોય બધાને આશ્ચર્ય થાતું હતું. આ તો ભગવાનની વાણી છે. એક સમયમાં લોકાલોકને જાણનારુ એવું જ્ઞાન, એમની ભૂમિકા એક સમયના જાણનાર જે કેવલજ્ઞાન. એમાંથી જે દિવ્ય ધ્વનિ જે પરિણમીને છૂટે છે એ વાણીની શું વાત કરવી ? બધાને એકદમ આશ્ચર્ય લાગે. જગતથી જુદા, કાંઈ અલૌકિક એને લાગે. વાણી અભેદ. ભેદ પાડ્યા વગર નીકળે છે. જગતથી જુદી જ વાણી. બધા ક્રમસર બોલે, આ તો ક્રમ પડતો નથી. એક સાથે અગાધ સ્વરૂપને કહેનારી. ભગવાન જુદા એમની વાણી જુદી. બધું જુદું. કાંઈ ઈચ્છાપૂર્વક નીકળતી નથી. બધા મુગ્ધ થઈ જાય છે. મુગ્ધ થઈને સાંભળે છે.

**✻ પ્રશ્ન : એક સમયમાં ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ એક સમયમાં જ વાણીમાં આવી જાય ?**

● ઉત્તર : એક સમયમાં ભગવાન બધું જાણે છે. વાણીમાં જે આવે છે એ ઘણું સ્વરૂપ આવે છે. પૂરેપુરું આવે છે. પણ તોય આત્મા જુદો ને વાણી જુદી છે. તોયે એનું રહસ્ય બધું આવી જાય છે. ચૌદ બ્રહ્માંડનું અધુરું કાંઈ રહેતું નથી. પૂરું આવી જાય છે. પણ આત્મા જુદો છે એ આ વાણી જુદી છે. વાણીમાં આવે છે પૂરું પણ તોય એમાં જે ચૈતન્યમાં ભરેલું હોય, એ બધું કાંઈ વાણીમાં નથી આવતું. એ કાંઈ અનુભવપૂર્વકની જે અંદર એને ભગવાનની અનુભૂતિપૂર્વક ઊંડા સમુદ્ર દરિયા ભર્યા છે ઈ બધું કાંઈ વાણીમાં આવે છે? તો પણ અનંત આવે છે.

✻ ભક્તિ : જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો.
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે,
અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

❀ બહેનશ્રી : 'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો.' અંદર અનુભવમાં કેવલજ્ઞાન સ્વરૂપ

રમણતા પૂરી છે. એ કાંઈ ચૈતન્ય આખો ઉછળીને વાણીમાં નથી આવતો. તો પણ પૂરો આવે છે. કાંઈ અધુરુ નથી રહેતું. આવે છે, બધું પૂરું આવે છે પણ એમાં કાંઈ ચૈતન્યનું તળ એમાં નથી આવી જાતું. એનું રહસ્ય બધું આવી જાય છે.

✻ પ્રશ્ન : દિવ્યધ્વનિમાં પૂરું આવી જાય છે છતાં કેવલજ્ઞાનમાં જે કાંઈ અનુભૂતિ થાય એ કાંઈ નથી આવતું ?

● ઉત્તર : એ કાંઈ વાણીમાં આવે? વાણી અને ચૈતન્ય—એ બે જુદી વસ્તુ છે. એ કાંઈ દેખાડી શકાતું નથી. પણ એના આશ્ચર્યને તો પણ દેખાડે છે. નથી દેખાડતો એમ નથી તો પણ ભગવાનની વાણી ચૌદ બ્રહ્માંડનું સ્વરૂપ દેખાડે છે. મુક્તિનો માર્ગ દેખાડે, ચૈતન્યના ચમત્કારો દેખાડે. ચૈતન્ય કોઈ અપૂર્વ વસ્તુ છે ચૈતન્ય—એ બધું દેખાડે છે. ભગવાનની વાણી સાંભળીને ઘણા મુનિ કેવળજ્ઞાન પામી જાય છે. કોઈ મુનિ થઈ જાય છે. સમ્યક્દૃષ્ટિ થઈ જાય છે. કેટલાક સમોવસરણમાં થઈ જાય છે. અંતર્મુહૂર્તમાં થઈ જાય છે ઘણા. એવો નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. ભગવાનની વાણી એવી જોરદાર છે કે એકદમ થઈ જાય છે તો પણ ભગવાનની વાણીની એવી મહિમા છે. એમને આશ્ચર્ય પોતાને ગુરુદેવને લાગતું હતું કે આમાં તો ઘણું કહેવું છે આચાર્યદેવે ? એ પછી પોતે 'આહા !' કરે તો પણ એમની વાણીમાં ઘણું આવતું હતં. ગુરુદેવને થતું કે આચાર્યદેવને ઘણું કહેવું છે. આમાં તો ઘણું છે. તો પણ એમને (ગુરુદેવને) એણે બધું કંઈ કહેવું હોય તે જાણે અંદર રહેતું હોય તો પણ ઘણું આવતું હતું.

✻ પ્રશ્ન : એમ કહેવાય કે ઘણું આવે છે. છતાં ઘણું બાકી રહી જતું હતું ?

✻ ઉત્તર : તોપણ અંદર રહી જાય છે. બે દ્રવ્ય જુદા છે ને! ચૈતન્ય અને વાણી. કેટલાક કેવળજ્ઞાન પામી જાય છે. કેટલાક મુનિઓ થઈ જાય છે. કેટલાક શ્રાવકો થઈ જાય છે. કેટલા

સમ્યક્દષ્ટિ થઈ જાય છે. કેટલા લાખો લાખો! કેવળજ્ઞાનીની અમુક સંખ્યા હોય છે, મુનિઓની અમુક, શ્રાવકોની તો કેટલી સંખ્યા હોય છે ? ધર્મ કાળ વર્તતો હોય છે.

**✻ પ્રશ્ન : અલૌકિક વાતો બધાને આશ્ચર્ય પમાડે એવી વાતો.**

● ઉત્તર : ભગવાનનું બોલવાનું જુદુ, ભગવાનનું હાલવાનું જુદું, બધા જગતથી જુદા, ઉપયોગ તો અંદર જામી ગયો છે સ્વરૂપમાં. અદ્ધર બેસે છે. બધું ઈન્દ્ર રચે. સિંહાસન કમળ બધું. ભગવાન તો અદ્ધર અદ્ધર બેસે (બધું આશ્ચર્યકારી,) આશ્ચર્યકારી. પૂર્ણતા પ્રાપ્ત થઈ ગઈ એટલે બધું એનું જુદું થઈ જાય છે. જગતથી જુદું છે.

**✻ પ્રશ્ન : થોડા દિવ્યધ્વનિકા સ્વરૂપ સમજાના.**

● ઉત્તર : વીતરાગ દશામાં જ્યાં એક વિકલ્પ પણ નથી. કોઈ જાતની ઇચ્છા નથી. કાંઈ નથી. ઈચ્છા વગર ધ્વનિ માત્ર છૂટે છે. એ દિવ્યધ્વનિ ભગવાનની છૂટે છે. જેમાં ભગવાનને પૂર્ણજ્ઞાન કેવળજ્ઞાન પ્રગટ થયું એવી દશા છે. એની સાથે રહેલી જે ભાષાની પરિણતિ છે. એ આખા લોકાલોકને દેખાડનારી એની દિવ્યધ્વનિ છે એ ભગવાનની. એ આખા લોકાલોકનું સ્વરૂપ જેમાં આવે છે એ દિવ્યધ્વનિ એમાં ભગવાન કાંઈ ઈચ્છાપૂર્વક બોલતા નથી. એમને કાંઈ વિકલ્પ નથી, સહજ ધ્વનિ છૂટે છે. એકાક્ષરી વાણી નીકળે છે. એમાં બધા એવા અતિશયો હોય છે કે એમાં બધા સમજી જાય છે કે ભગવાન શું કહી રહ્યા છે?

**✻ પ્રશ્ન : જ્યારે દિવ્યધ્વનિ છૂટે ત્યારે બધા પોતાની ભાષામાં સમજી જાય છે. તો ગણધરને વિશેષ સમજાય છે?**

● ઉત્તર : એની યોગ્યતા વિશેષ હોય છે. અંતરથી જ્ઞાન એને પ્રગટ થાય છે. વિશેષ અંતરથી રહસ્યો ગ્રહણ કરે છે. બીજા કરતા વધારે ગ્રહણ કરે છે. એમનું ક્ષયોપશમ જ્ઞાન એવી જાતનું હોય છે કે બધું ગૌણ કરે. ક્ષયોપશમ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી ગ્રહણ કરે છે. બાકી ભગવાનની ધ્વનિ તો પૂર્ણ છે. એ (ગણધર) પણ કહે છે

કે ભગવાન ! હું તમારી ધ્વનિને પહોંચી શકતો નથી. દિવ્યધ્વનિનું ઝાઝું રહસ્ય સમજવાની ગણધરમાં યોગ્યતા હોય છે. બીજા બધા યથાશક્તિ સમજે છે.

✻ પ્રશ્ન : નિરઅક્ષરી છે?

● ઉત્તર : નિરઅક્ષરી એટલે એક અક્ષર હોય એટલે નિરક્ષરી કહેવાય છે. ભાવો બધા સમજી જાય છે એવો અતિશય હોય છે.

✻ પ્રશ્ન : ગણધર બાર અંગની રચના કરે છે એમ કહેવાય છે. બાર અંગની રચના કરે એટલે શું કરે ?

✻ ઉત્તર : એના અંતરમાં રચના કરે છે. બહારથી લખીને નહીં. એને અંતરમાં એવી લબ્ધિ પ્રગટે છે મતિશ્રુતની એવી લબ્ધિ પ્રગટે છે. ને અંતરમાં એવી રચના કરે છે અંતર્મુહૂર્તમાં. શ્રુતજ્ઞાનનું જેટલું સ્વરૂપ હોય ઈ પ્રમાણે એને શબ્દમાં, ભાવમાં ગ્રહણ કરીને રચના કરે છે.

✻ પ્રશ્ન : ગણધરદેવે બાર અંગની રચના કરી પછી એના ઉપરથી શાસ્રો રચાયા ?

● ઉત્તર : અંતરમાં રચના કરે છે. શાસ્ત્રની રચના—તો એ વખતે હાથેથી બહું લખવાનું નહોતું. અંતરમાંથી બધું ગ્રહણ કરે છે.

✻ પ્રશ્ન : બાર અંગની રચના કરે એમાંથી તો જુદા જુદા અર્થમાં ઘટાવી શકાય. કાંઈ શાસ્રની પણ રચના કરે. અંતરથી પોતે શાસ્રની રચના કરે જેના ઉપરથી મુનિ શાસ્રની રચના કરે?

● ઉત્તર : એવું કાંઈ આવતું નથી શાસ્ત્રમાં, મનથી ફેરવી જાય, ઉપદેશમાં બોલે, એ કાંઈ બાર અંગની રચના લખી લખાતી નથી. એના મૂળ સૂત્ર આવડવા જોઈએ. લખી શકાતું નથી.

✻ પ્રશ્ન : ૐની ધ્વનિ છે ભગવાનની એ તો વિશ્વ પ્રકાશીની સર્વાંગી છે. અને ઉપદેશ આવે છે ભાવશ્રુત જ્ઞાનના તો પછી ઓમની ધ્વનિ સંપૂર્ણ ન હોઈ શકે ?

✻ ઉત્તર : સંપૂર્ણ છે ઓમ ધ્વનિમાં. સંપૂર્ણ જ આવે છે. સંપૂર્ણ રહસ્ય. ભગવાનને જે કેવળજ્ઞાન પ્રગટ થયું છે એને ભાવશ્રુત

કહેવાય પણ એ કેવળજ્ઞાનની ભૂમિકામાં ઉભેલા ભગવાન—એની વાણી કેવળજ્ઞાનની છે. કેવળજ્ઞાનમાં આખું લોકાલોક જાણ્યું છે એ ભાવશ્રુત-શ્રુતજ્ઞાન ભલે પણ ખરી રીતે અધૂરા જ્ઞાનથી વાણી નથી આવતી એને શ્રુતજ્ઞાન કહેવાય છે. એ તો કેવળજ્ઞાનમાં ઉભેલા ભગવાન એની વાણી છે. લોકાલોકને પ્રકાશનારું એવું જે કેવલજ્ઞાન છે એ પ્રમાણે એની દિવ્ય ધ્વનિમાં અનંત રહસ્યો આવે છે. (કહેવાય છે) એને કહેવાય છે શ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન, ભગવાનની વાણીમાં ભાવશ્રુત જ્ઞાન આવે છે એમ કહેવાય પણ કેવળજ્ઞાન પ્રગટ થયું એટલે ઓમ ધ્વનિમાં બધું પૂરું જ આવે છે. અધુરું નથી આવતું.

✻ પ્રશ્ન : શ્રોતાને લક્ષે એમ ભાવશ્રુત જ્ઞાનમાં છે ?

● ઉત્તર : હા. એમ કહેવાય બાકી વાણી કેવલજ્ઞાનની વાણી છે.

✻ પ્રશ્ન : સર્વજ્ઞ અનુસારીણી વાણી છે ?

● ઉત્તર : હા. સર્વજ્ઞ અનુસારીણી વાણી છે પ્રત્યક્ષ જ્ઞાનમાં છે. પ્રત્યક્ષ જ્ઞાનમાં ભગવાન પરિણમેલા છે. એની સાથે જે ધ્વનિ છે એને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એવી જાતની ધ્વનિ આવે છે. ભગવાનની ધ્વનિ છૂટેલી અને ગણધર નહોતા એટલું એમ કીધું તો નિમિત્તથી છે. પણ એ ખરી રીતે ભગવાનની વાણીનો એવો કાળ જ હતો કે એ સમયે છૂટે એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ હતો. એ લોકાલોકને પ્રકાશનારી વાણી છે. અનંત રહસ્યો આવે છે એમાં તો. તોય ભગવાનની વાણીમાં પુરેપુરું આવે છે. ઈ તો વાણી છે એટલે એમ કે પૂરું ભગવાન્ કેવલજ્ઞાનરૂપી. ઈ કાંઈ બધું વાણીમાં-ભગવાનનો આત્મા કાંઈ નથી આવી જતો. એટલે વાણી પર છે એમ કહેવાય. બાકી વાણીમાં પુરેપુરું આવે છે. વાણીમાં ધોધ વહે છે. ગૌતમને શ્રુતજ્ઞાન પરિણમી ગયું ને શાસ્ત્રોની રચના કરી. બધાની યોગ્યતા પ્રમાણે બધાની જાતજાતની તૈયારીઓ થઈ ગઈ. એવો ઉપાદાન-નિમિત્તનો સંબંધ છે. કાંઈ મુનિઓ, કોઈ શ્રાવકો,

સંખ્યાબંધની તૈયારી થઈ ગઈ વાણીનો ધોધ વહેતા.

* પ્રશ્ન : ગુરુદેવનો વાણીનો ધોધ વરસતો હતો. સંખ્યાબંધ ટોળેટોળા દિગંબર થઈ ગયા.

● ઉત્તર : દિગંબરના ટોળેટોળા થઈ ગયા. આ એક નમૂનો હતો. ગુરુદેવની વાણી વરસતી હતી અને વાણી કોઈ જુદી જાતની હતી. એમની વાણીમાં સાચું સ્વરૂપ બધાને બતાવી દીધું. ટોળેટોળા તૈયાર થઈ ગયા. બધાની રુચિ જાગ્રત થઈ જાય કે આત્મા તરફની કે આત્મા કોઈ અનુપમ અને આશ્ચર્યકારી વસ્તુ છે એવું એમની વાણીમાં દેખાતું હતું.

* પ્રશ્ન : નથી કહેતા ગુરુદેવના ઉપકાર આગળ ત્રણ લોકનું રાજ્ય પણ તુચ્છ છે.

● ઉત્તર : ઈ પદ્મનંદી આચાર્ય કે 'મને ગુરુએ જે ઉપદેશની જમાવટ કરી છે એની પાસે મારે આ પૃથ્વીનું રાજ્ય-પૃથ્વીનું તો શું ત્રણ લોકનું રાજ્ય પણ પ્રિય નથી.

❀ બહેનશ્રી : ઓમ ભગવાનકી દિવ્યધ્વનિ હૈ. ભગવાનકી વાણીમેં ઓમ આતા હૈ. એકાક્ષરી વાણી ભગવાનકી વાણી હૈ. ઉસમેં સબ અનંત રહસ્ય આતા હૈ. સબ અપની યોગ્યતા અનુસાર સમજ લેતે હૈ. યહ ઓમ હૈ. ઓમમેં પંચ પરમેષ્ઠીકા મંત્ર સબ ઓમમેં આ જાતા હૈ. ઓમ ભગવાનકી વાણી હૈ, ભગવાનકો કેવળજ્ઞાન હોતા હૈ ના, તો વાણી એસી ક્રમ ક્રમ નિકલતી હૈ? ના. ઐસે ભગવાનકી વાણી ક્રમક્રમ સે નહીં નીકલતી હૈ એક ઓમ નીકલતા હૈ. ઓમ મેં સબ અનંત રહસ્ય આતા હૈ. ઈસમેં ઈતના અતિશય રહેતા હૈ કે સબ અપની ભાષામેં સમજ લેતે હૈ. યે ભગવાનકી વાણી ઓમ હૈ.

* પ્રશ્ન : ઓમ કા અરિહંત અવસ્થામેં ભી ધ્યાન હોતા હૈ ?

● ઉત્તર : અરિહંત અવસ્થામેં ધ્યાન નહીં હોતા. ઓમ ભગવાનકી વાણી હૈ, ભગવાન તો પૂર્ણ કેવલજ્ઞાન હો ગયા. ભગવાન

ઓમકા ધ્યાન નહીં કરતે. ભગવાનકી વાણી ઓમ હૈ.

**✻ પ્રશ્ન : વાણીની મીઠાશ જોઈ દ્રાક્ષો શરમાઈને વનવાસમાં ચાલી ગઈ એટલે શું?**

● ઉત્તર : ઉપમા આપી છે ભગવાનની વાણીની મીઠાશ તો એવી છે કે આ દ્રાક્ષની મીઠાશ તો જડ છે. એની ઉપમા આપી છે કે આ દ્રાક્ષો કેમ જંગલમાં વઈ ગઈ ? આ જગતમાં ભગવાનની વાણીની મીઠાશ એવી છે કે દ્રાક્ષને શરમ આવી કે આ બધી વસ્તી વચ્ચે રહેવા કરતા જંગલમાં રહેવું ઠીક છે. એટલે દ્રાક્ષો તો વનમાં જ વઈ ગઈ કારણ કે આમાં શરમ આવે એવું છે. ભગવાનની વાણીની મીઠાશ આગળ મારી દ્રાક્ષની મીઠાશ તો બધી તુચ્છ થઈ જાય છે. માટે દ્રાક્ષો તો બધી જંગલમાં વઈ ગઈ. શેરડી તો પીલુમાં પીલાવા માંડી ગઈ કે ભગવાનની વાણી આગળ આ બધી મીઠાશ તો સાવ તુચ્છ છે. માટે ભગવાનની વાણી તો જગતમાં—એની મીઠાશ, એના રહસ્યો—એમાં ઈ જે સાંભળે ઈ તન્મય થઈ જાય એમાં. જેની મધુરતા અને એની મીઠાશ આગળ દ્રાક્ષો શરમાઈ જાય છે. શેરડી પીલુમાં પીલાવા માંડી જાય છે. ઈ તો બધું તુચ્છ છે. ઈ દ્રાક્ષની મીઠાશ ને બધી શેરડીની મીઠાશ ને એ તો બધુ જડ છે. ભગવાનની વાણીની મીઠાશ કે જે આત્માની—અનુપમ આત્માને બતાવનારી એ જે વાણી ભગવાનની, સર્વોત્કૃષ્ટ તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ. ઈ દિવ્યધ્વનિની મીઠાશ અને એના રહસ્યો સાંભળવાથી જીવ એમાં એવો તલ્લીન થઈ જાય છે કે સાંભળે છે જે રુચીથી એના ભવનો અભાવ થઈ જાય છે ને અંદર ચૈતન્યદેવ પ્રગટે છે. ભગવાનની વાણીની મીઠાશ આગળ આ બધું તુચ્છ છે. એને કોઈ ઉપમા નથી લાગુ પડતી. જડની કોઈ મીઠાશને ભગવાનની વાણીની મીઠાશ અને મધુરતા આગળ ઉપમા દઈ શકાતી નથી.

**✻ પ્રશ્ન : ગુરુ કેવા હોય ?**

● ઉત્તર : ગુરુ—યથાર્થ સત્‌નું સ્વરૂપ જેણે પ્રગટ કર્યું છે એવા

ગુરુ. જે યથાર્થ સ્વરૂપરૂપે પરિણમી ગયા છે અને યથાર્થ વસ્તુ સ્વરૂપને બતાવનારા છે એવા ગુરુ હોવા જોઈએ. ગુરુ તો પોતે યથાર્થ ઓળખીને ગ્રહણ કરવા જોઈએ. એટલી તો પોતાની તૈયારી હોવી જોઈએ કે અંતરમાંથી એટલી જિજ્ઞાસા પ્રગટ કરીને કે સત્ સ્વરૂપના કહેનારા એવા ગુરુને પોતે ગ્રહણ કરીને પછી ગુરુ જે કહે એનો આશય ગ્રહણ કરીને પોતે ઈ પ્રમાણે માર્ગે ચાલે તો માર્ગ પ્રગટ થાય.

✻ પ્રશ્ન : જ્ઞાનીની ઓળખ કેવી રીતે ? એમાં મારો પ્રશ્ન સામાન્ય નથી. સામાન્ય તો કુગુરુ ને સુગુરુમાં ભેદ પડી શકે ? એ કેટલું કરી શકે એ કેટલું વજન આપવું જોઈએ? એક મુમુક્ષુની ભૂમિકામાં ક્ષયોપશમ જ્ઞાની અને સાચા આત્મજ્ઞાની છે ઈ બેયને મુમુક્ષુ કઈ રીતે ઓળખે ? એક મુમુક્ષુ છે જેને ક્ષયોપશમ જ્ઞાનમાં બધું જેમ જ્ઞાની કહે છે તેમ બધી પાયાની વાત આવે છે અને બીજો ખરેખર સત્ પુરુષ છે એ બેમાં એને અંતર કેવી રીતે પડે ?

● ઉત્તર : પરિચય કરવાથી, એના અંતર ઓળખવાથી ખ્યાલ આવે, કે આ આત્મા ફક્ત ક્ષયોપશમથી બોલે છે. સ્વાનુભૂતિ અંતરમાં નથી ને બોલે છે. એની વાણીનું વજન ક્યાં જાય છે ? એની પરિણતિ શું કામ કરે છે ? કે સાચો મુમુક્ષુ હોય એના હૃદય નેત્રો એવા થઈ ગયા હોય છે કે કોઈ અપૂર્વ વાણી-જ્ઞાનીની તો કોઈ વાણી અપૂર્વ હોય છે અને અંતરમાંથી ભીંજાયેલી અને ભેદજ્ઞાન ઉપર પડતી વાણી– ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન ઉપર પડતી વાણી સ્વાનુભૂતિ તરફ અનુભવમાંથી આત્મસ્પર્શી વાણી ઈ એને ગ્રહણ કરે છે. એના હૃદયના નેત્રો જ એવી જાતના ગ્રહણ કરવાને યોગ્ય થઈ ગયા હોય છે અને આ માત્ર ક્ષયોપશમથી બોલે છે. ઈ એના અંતરમાં (ખ્યાલ આવે છે.) કઈ જાતની દિશા ને કઈ તરફનું વજન? કેવી જાતનું ભીંજાયેલું? ને કેવી રીતે નીકળે છે? અને ક્યાં વજન આવે છે? ઓળખી શકે છે. કેવી રીતે આવે છે? ઓલું ક્ષયોપશમ જ્ઞાન હોય ને ઓલું અનુભૂતિનું જ્ઞાન હોય. ઈ અંતરમાંથી બોલતો હોય તે કાંઈ

જુદું નીકળતું હોય. અને ઓલું જે ક્ષયોપશમથી નીકળતું હોય તે કાંઈ જુદી રીતે નીકળતું હોય ઈ ગ્રહણ કરી શકે છે. જે મુમુક્ષુ હોય તે ગ્રહણ કરી શકે છે. એનો વિશેષ પરિચય કરવાથી ગ્રહણ થઈ શકે છે.

*** પ્રશ્ન : જ્ઞાની જો પ્રત્યક્ષમેં દિખ રહા હૈ. જિસકો આત્મરુચિ નહીં હૈ ઇસકા ઉપદેશ મુમુક્ષુકો નિમિત્ત હોના ચાહિયે ?**

● ઉત્તર : ઉપાદાન અપના હોતા હૈ તો સચ્ચા ગુરુ મિલ જાતા હૈ. (સચ્ચા ગુરુ મિલ જાતા હૈ) જો ઉસકો નિમિત્ત નહીં મિલતા. જિજ્ઞાસુ જે ગુરુ પાસેથી જેણે સુના હૈ. જો અપની પાત્રતા પ્રગટ હોવે ઐસા કોઈ સચ્ચા મુમુક્ષુ હૈ તો સમજને કે લિયે સમજતા હૈ પર ઉસકો ગુરુ નહીં માનતા હૈ વો તો સમજને કે લિયે. સચ્ચા ગુરુ નહીં માનતે હૈ, સ્વાધ્યાય કરતે હૈ લેકિન ઉસે સચ્ચા ગુરુ નહીં માનતા હૈ.

*** પ્રશ્ન : ગુરુકા ઉપદેશ આનંદમય હૈ ?**

● ઉત્તર : સચ્ચા ગુરુકા ઉપદેશસે આનંદકા હી લાભ હોતા હૈ. સચ્ચા ગુરુસે લાભ હોતા હૈ. શાસ્ત્રમેં આતે હૈ. સચ્ચા ગુરુસે લાભ હોતા હૈ. ગુરુ નહીં મળતા હૈ તો સાધર્મી એકબીજા ચર્ચા કરે. ચર્ચા કરે ઈતના તો કરતે હૈ આપસમેં એકબીજાકો લાભ મિલતા હૈ ગુરુ પાસેથી સુના વો તત્ત્વ વિચારના ઔર શરીર આત્મા ભિન્ન હૈ, વો કહેનેવાલા ગુરુ કૌન હૈ વો યથાર્થ સમજ લેના.

* ભક્તિ : એક જ્ઞાની ગુરુ ને ગોતી લેજો, બીજું કાંઈ ગોતીશ મા.

*** પ્રશ્ન : ગુરુના વિશેષ ચરણકમલમાં રહેવું વધું સારું? ચરણકમલમાં વધુ સારુ છે ચર્ચા વિચારણા કર્યા વિના? શું આશય છે?**

● ઉત્તર : ચર્ચા વિચારણા કર્યા વગર, તત્ત્વ સાંભળ્યા વગર, ચર્ચા વિચારણા કર્યા વગર. એમ નહીં. એમ નહીં. ગુરુની ભક્તિ એના હૃદયમાં મહિમા જો હોય તો ગુરુનો શું આશય છે એ ગ્રહણ કરજે. એકલું સુકુ જ્ઞાન કરે અને શાસ્ત્રનો હેતુ અને શાસ્ત્ર એમ કે સમજવા માટે નહીં પણ કાંઈ બીજા હેતુથી શાસ્ત્રનું જ્ઞાન 'જાણે હું

બહુ જાણી લઉં’ એવા હેતુથી હોય તો એ કાંઈ લાભનું કારણ નથી, ‘મૈં ખૂબ જ્ઞાનવાન હો જાઉં, બહુત પંડિત હો જાઉં’ એ જ્ઞાન ઈસકે લીયે જ્ઞાન પ્રગટ કરું ઈ કાંઈ લાભ નથી કરતું. પણ ગુરુની ભક્તિ ને મહિમા. ગુરુએ ક્યા પ્રગટ કિયા? કિ ક્યા દશા હૈ? વો ગુરુજી કહેતા હૈ તો આશય ગ્રહણ કરના ઔર ગુરુજીકી આજ્ઞા–ગુરુ કહે તો યોગ્યતા દેખકર કહેતા હૈ તો ઈસકી આજ્ઞા ગ્રહણ કરકે સમજના વૈસે નહીં. ગુરુ કહે વો હી સમજે, ઉસકા આશય ગ્રહણ કરે અપને સ્વચ્છંદ મતિસે વિચારણા કરે, સ્વચ્છંદતાથી અપની ઈચ્છા પ્રમાણે વિચાર કર્યા કરે, પોતાની ઈચ્છા પ્રમાણે અર્થ કર્યા કરે. પોતાની ઈચ્છાથી શાસ્ત્રના અર્થ કર્યા કરે. અપની ઈચ્છા પ્રમાણે કરે તો એવું જે જ્ઞાન–એવું જ્ઞાન લાભનું કારણ નથી. ગુરુએ જે માર્ગ બતાવ્યો એનો આશય ગ્રહણ કરીને ગુરુ જે નિમિત્ત. યથાર્થ નિમિત્ત છે એણે જે કીધું ઈ પ્રમાણે પોતે વિચાર કરે, નક્કી કરે, પરીક્ષા કરે, નક્કી કરે પણ જે ગુરુના આશય પ્રમાણે વિચાર કરીને નક્કી કરે તો અંતરમાં એને આગળ જાય છે. ગુરુના આશય વગર પોતાની સ્વચ્છંદ મતિથી કલ્પના કરીને કે આમ એનો અર્થ છે, આમ એનો અર્થ છે, શાસ્ત્રના અર્થ મતિ કલ્પનાએ અર્થ કરે તો ઈ તો ખોટું થાય છે. યથાર્થ સમજતો નથી.

ચરણકમલમાં રહેવું એટલે એનો આશ્રય ગ્રહણ કરવો હૃદયમાંથી. ચરણકમલમાં–એનું સાનિધ્ય મળે અને નજીક રહેવાનું મળે તો મહા ભાગ્યની વાત છે. કે ગુરુની સમીપ રહેવાનું બને અને એની નજીક, એનો આશ્રય, ભક્તિ, એની આજ્ઞા, એની સેવા મળે એ તો મહા ભાગ્યની વાત છે. એનું હૃદય એ રીતે અર્પણ હોય એને એની નજીક સમાગમ મળે તો મહા ભાગ્યની વાત છે. અને ન મળે તો ગુરુએ જે આજ્ઞા કીધી હોય એને હૃદયમાં રાખીને ગ્રહણ કરીને વર્તે તો પણ ઈ ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તતો હોય એવો સમાગમ ન મળે તો પણ પોતે હૃદયમાં ગ્રહણ કરીને રાખે તો પણ એ

ચરણકમળને ગ્રહણ કરે, ભગવાને શું કીધું છે? એ ભગવાનના આશય પ્રમાણે પોતે શાસ્ત્રો લખે છે અને એ પ્રમાણે એના વિચારો એના હૃદયમાં ભગવાને શું કીધું? આચાર્યએ શું કીધું? મુનિઓ પણ એના હૃદયમાં દેવ, ગુરુ, શાસ્ત્રનો આશ્રય રાખીને શાસ્ત્રો લખે છે. એમ લખે છે કે 'ભગવાને આમ કીધું છે'—એમની ગાથાઓમાં. ભગવાનનો આશ્રય તો, દેવ, ગુરુ, શાસ્ત્રનો આશ્રય, તો હૃદયમાં મુમુક્ષુઓને, સાધકોને પણ હોય છે. એને છોડીને પોતાની મતિ કલ્પનાઓ કરે તો માર્ગ મળતો નથી.

**✻ પ્રશ્ન : એકલા શાસ્ત્ર ભણેલા હોય એટલે ગુરુ કહેવાય? (પ્રશ્ન સમજાતો નથી)**

● ઉત્તર : એકલા શાસ્ત્ર ભણેલા ગુરુ હોય તે કાંઈ વાસ્તવિક ગુરુ નહીં પણ આત્માનું સમજેલા હોય એને શાસ્ત્ર ભણેલા હોય બેય હોય જૈનમાં હોય તે ગુરુ જ છે, પણ એકલા શાસ્ત્ર ભણેલા હોય તે કાંઈ વાસ્તવિક ગુરુ તો નથી. અંદર આત્માનું પ્રગટ નથી થયું અને એકલા શાસ્ત્ર ભણ્યા હોય ઈ તો શાસ્ત્ર માત્ર સમજે, શાસ્ત્રને માત્ર ભણાવે, એ વાસ્તવિક ગુરુ નો કહેવાય. ઈ તો પંડિત કહેવાય. અર્થ પણ કરે અને અંદર આત્માનું પણ પ્રગટ કરે. એ બેય ભણેલા હોય એ તો એવા ગુરુ એ તો સર્વોત્કૃષ્ટ ગુરુ જ છે. એ ગુરુની શું વાત કરવી? આત્માની સમજ હોય ઈ ગુરુ કહેવાય. પણ એકલા શાસ્ત્ર ભણેલા હોય એ કાંઈ ગુરુ નો કહેવાય. ગુરુનું સ્વરૂપ જ્ઞાનદર્શન ચારિત્ર બધી રીતે ભરપુર હોય એ ગુરુ કહેવાય.

**✻ પ્રશ્ન : અમને એમ થાય કે સાચા ગુરુ કેવી રીતે ઓળખાય ?**

● ઉત્તર : જેણે આત્માનું કરવું છે. આત્માની જિજ્ઞાસા જાગી હોય છે ઈ સાચા સત્ પુરુષને ઓળખી જ લે છે કે જેને ભવનો અભાવ કરવાની જેને જિજ્ઞાસા જાગી હોય એના હૃદય એવું પાત્ર થઈ જાય છે કે સાચા ગુરુ કોણ છે? એની વાણી, એનું હૃદય ઈ કેવી

જાતનું એનું અંતરનું હૃદય છે? એની વાણી દ્વારા અમુક જાતના એના પરિચય દ્વારા ઓળખી લે છે કે આ સત્ પુરુષ છે. જેને ખરી જિજ્ઞાસા જાગી હોય એ ઓળખી જ લે. એવી તૈયારી પોતાની જોઈએ તો સત્‌પુરુષ ઓળખ્યા વગર રહેતા નથી. ગુરુને ઓળખી શકાય છે. જેના હૃદય નેત્રો એવા નિર્મળ થઈ જાય કે સાચા સત્ પુરુષને ઓળખી લે છે. જેને આત્માની જિજ્ઞાસા જાગી હોય, જિજ્ઞાસા-આત્માની તૈયાર કરવી. જેને બહારમાં ક્યાંય રુચિ લાગતી નથી. જેને ક્યાંય સુખ નથી લાગતું એવી જો જિજ્ઞાસા લાગી હોય, જેને આત્માનું જ કરવું હોય એણે પોતે વિચાર કરવો, સ્વાધ્યાય કરવો, સાચા ગુરુને ઓળખવા, સાચા ગુરુ શું કહી રહ્યા છે? કેવો માર્ગ બતાવ્યો છે? એ સાચા ગુરુને ઓળખાણ કરીને એ શું કહી રહ્યા છે? ઈ માર્ગે એ પોતે ઈ માર્ગનું નિશ્ચય કરવો, વિચાર કરવો, એની રુચિ આત્મા તરફ જવી જોઈએ, બહારની રુચિ જ્યાં સુધી છે, જેને બહારમાં ગમે છે એને તો આત્મા તરફ (જવું નથી) આ જન્મ મરણથી બચવા આ વિકલ્પની જાળમાં જેને શાંતિ નથી લાગતી, શાંતિ ક્યાં છે? ઈ જેને શોધ કરવી હોય તો એને વિચાર કરવો, એને લગની લગાડવી, ઈ જાતના શાસ્ત્ર વાંચવા, ઈ જાતના ગુરુનો પરિચય કરવો, એવી જાતનો સત્સંગ કરવો કે જેથી એને સાચો માર્ગ મળી જાય, સાચો માર્ગ મળે તે જાતનો વિચાર લગની બધુ ઈ જ કરવા જેવું છે. આત્માની લાગવી જોઈએ અંતરમાંથી.

✻ પ્રશ્ન : ભગવાન પાસે જવાની બહુ ઇચ્છા થાય છે.

● ઉત્તર : ઈચ્છા થાય, (એથી કંઈ નહીં) ભાવના અંદરની કોઈ જુદી હોવી જોઈએ. ઈચ્છા થાય એ કાંઈ નહીં. ભાવના અંદરની હોવી જોઈએ. અંદર ભાવ હોય જેને ભગવાન ઉપર. એને જવાની ઈચ્છા તો થાય પણ ઈ કાંઈ એમ ઈચ્છાથી થોડું થાય છે. અંતર ભાવના હોય અને એવો યોગ હોય તો જવાય. એમ કાંઈ જવાય છે ?

જય હો, વિજય હો, ભગવતી માતનો જય હો.